# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૩૨૨૫૧

**સલામી સવારની..**

ધાંધલ-ધમાલ સિવાય ક્યાં કામ-કાજ ચાલે છે?
થાય ટાંટિયા ખેંચ, બધી જગ્યાએ આજ ચાલે છે!
વાજ આવી ગઇ છે પ્રજા લાજ નથી નેતાઓને -
અહીં ઇટાલીયન પોપાંબાઇનું રાજ ચાલે છે..

**હાઇકુ**

સૂતેલી સેના
અને રેઢા સીમાડા -
સસ્તી શહિદી!

ચીંની ઉંદરો,
પાકિસ્તાની મગરો
વટાવે હદ!

## ચિંતન

**નવ વસ્ત્ર નવ છત્રં નવ્યા સ્ત્રી નૂતન ગૃહમ્ ।**
**સર્વત્ર નૂતનં શસ્તં સેવકાન્ને પુરાતને ॥**

'વસ્ત્ર નવું, નવી છત્રી, યુવાન નવપરણિતી સ્ત્રી, નવું ઘર - આ બધાં નવાં હોય તો સારાં ગણવામાં આવ્યાં છે પરંતુ સેવક અને અન્ન આ બંને તો જૂના એટલાં સારાં - એમ કહેવાયું છે.'

સંસાર વ્યવહારમાં નવી વસ્તુઓનું મહત્ત્વ છે લોકો નવાનો આગ્રહ રાખે છે.

પરંતુ જૂનો-વિશ્વાસુ-વફાદાર નોકર-ઘરકામ ઉપરાંત-ઘરની સંભાળ અને ઘરનાં ચારિત્ર્ય-વહેવારો-સંબંધોનો પણ ખ્યાલ રાખે છે. આવા નોકર-ચાકર કયારેક કુટુંબીજનથી પણ વધારે મદદરૂપ અને સહાયરૂપ થતા હોય છે. કેટલીકવાર તો એના પરોપકાર એટલા બધા હોય છે જેનો બદલો પણ ન વાળી શકાય. ઘરનાં સભ્યથી વિશેષ આવા જૂના ચાકર હોય છે.

**અન્ન પણ જૂનું એટલું સોનું કહેવાય છે જૂનું અન્ન પાચ્ય અને વધારે મિઠાસવાળું બને છે.**

અહીં નવું વસ્ત્ર, નવી છત્રી, નવું ઘર અને યુવા-નવપરિણિત સ્ત્રી નવાં હોય ત્યાં સુધી સારાં રહે છે. ઘર જૂનું થાય એટલે ખર્ચ માગે, સ્ત્રી જૂની થાય એટલે 'ફરિયાદો' વધે. જૂનું વસ્ત્ર જીર્ણ થઇ જાય. જૂની છત્રી કાગડો થઇ જાય.

## સુવિચાર

- જ્ઞાન મેળવી શકાય છે જો ચિંતન કરી શકીએ... સંસ્કાર મેળવી શકાય છે, જો વિનમ્ર બની શકીએ **- શ્રીરામ શર્મા**
- લાગણી નથી, દર્દ નથી, પ્રેમ નથી એવા હૃદયને કોઇ ઇચ્છાનો અધિકાર નથી **- સ્વામિ વિવેકાનંદ**
- કોઇ તમારા પર આંધળો વિશ્વાસ રાખે, ત્યારે સાબિત ના કરતા કે તે ખરેખર અંધ છે **- સાધુ વાસવાની**
- જેમણે અહિંસા માટે આખું જીવન ખર્ચી નાખ્યું, આજે હિંસાના સૌથી મોટા કારણ પર જ એમનો ફોટો છે, એટલે કે ભારતીય ચલણી નોટો પર ગાંધીજીનો ફોટો છે- **કાન્તિ ભટ્ટ**
- જયારે તમે સત્યના માર્ગ પર હોવ ત્યારે બાહ્ય દુશ્મનો અનેક ઊભા હોય છે, પરંતુ તમારી આંતરિક શક્તિઓ ખુબ મજબૂત બને છે **- ગાંધીજી**
- સંબંધોમાં સ્વાર્થની કડવાશ સંબંધોની મીઠાશ ખતમ કરે છે **- સાને ગુરૂજી**
- બધા જ ધનવાનો મહાન નથી અને બધા જ મહાન લોકો ધનવાન પણ નથી- **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

કેટલાંક મુસ્લિમ રાષ્ટ્રો કે નાના પણ સ્વતંત્ર વિચારશ્રેણી ધરાવતા બહાદુર દેશો જે તટસ્થ-નીડર હોય અને 'મિત્ર' બનાવવા લાયક હોય છતાં આપણી સરકાર, અમેરિકા-રશિયા કે ચીનના ગમા-અણગમાને કારણે આપણી ઇચ્છા છતાં તેમની સાથે મૈત્રી તો શું તેમનાં વિચારને પુષ્ટીબળ મળે એવું નિવેદન પણ નથી આપી શકતા આ આપણી નીતિની લાચારી નથી?

વનનો રાજા સિંહ, અને દરિયાઇ વનની મહારાણી માછલી વ્હેલ વચ્ચે મૈત્રી બંધાઇ બંને વચ્ચે ખાણી-પીણીનો 'વાટકી' વહેવાર હતો. ફૂરસદના સમયે વાતચીત-તોફાનમસ્તીની રમત થતી.

એક સમુદ્રકાંઠે સિંહ વ્હેલની રાહ જોતો હતો ત્યાં જંગલી પાડાંઓ આવ્યા અને સિંહને ઘેરી લીધો તેમનો સામનો કરવો સિંહ માટે અશક્ય હતું. જીવ બચાવવા ત્રાડ પાડી 'વ્હેલ'ને મદદ માટે બોલાવી.

વ્હેલે દરિયામાંથી મોઢું કાઢ્યું અને પણ દૃશ્ય જોઇ અદૃશ્ય થઇ ગઇ. સિંહે સામનો કર્યો. ઘાયલ થયો પણ પાડા થાકીને ચાલ્યા ગયા... પછી વ્હેલ કાંઠા નજીક આવી. સિંહે રીસમાં કહ્યું, તારી આવી મૈત્રી! મને મદદ કરવા ન આવી!

વ્હેલ કહે, વનરાજ! આપણને સ્વભાવગત પ્રાકૃતિક બંધન હોય છે અને એની મર્યાદામાં જ રહેવું પડે મારી કે તમારી ઇચ્છા હોય છતાં આપણે એકમેકને સહાય નથી કરી શકતાં! પ્રાકૃતિક સત્તા પાસે સામર્થ્ય લાચાર થઇ જાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# નાની નાની અગવડોથી ત્રાસી ઉઠતા બૂમાબૂમ કરી મૂકતાં લોકોને જોઉં છું ત્યારે લાગે છે કે આ પ્રજા આઝાદીને લાયક નથી તેમને તકલીફ ઉઠાવ્યા વગર સગવડો ભોગવવી છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

બહુ જ થાક લાગ્યો છે સાંજે તો, સ્કૂલમાં આધારકાર્ડ કાઢવાની કામગીરી બે દિવસ ચાલીને પછી બંધ થઇ ગઇ. સરકારી તંત્રને પૂછવાના પ્રશ્નોના જવાબ મારે આપવા પડ્યાં. ઘણાંને મેં સમજાવ્યાં છે કે, 'આ જ કામગીરી કલેક્ટર ઓફિસના જનસેવા કેન્દ્રમાં બારેય મહિના ૧૧ થી ૫ માં ચાલે છે. અહી નાહકની ભીડ કર્યા વગર ત્યાં જઇને કરાવી આવો!' 'પણ અહીં ઘર આંગણે આવતાં હોય તો છે...ક કલેક્ટર કચેરીમાં કોણ ધક્કા ખાય?' મને વળતો પ્રશ્ન મળ્યો! બરાબર છે! જે ઘરડાં છે, અશક્ત છે, અપંગ છે તેઓને માટે સેક્ટરોમાં કામગીરી થઇ રહી છે. પણ જેઓ જુવાન છે, સશક્ત છે તેમણે તો કલેક્ટર કચેરી સુધી જઇને આધારકાર્ડ કઢાવી લેવું જોઇએ ને! પણ ના! એટલીયે અગવડ ભોગવવી નથી અને પછી સરકારી તંત્ર માટે બૂમરાણને કાગારોળ મચાવવી છે.

નાની નાની અગવડોથી ત્રાસી ઊઠતા બૂમાબૂમ કરી મૂકતાં લોકોને જોઉં છું ત્યારે લાગે છે કે આ પ્રજા આઝાદીને લાયક નથી તેમને તકલીફ ઉઠાવ્યા વગર સગવડો ભોગવવી છે. આપણા દાદા કે દાદાના દાદા એ ગુમાલીની કે કટોકટી કે યુદ્ધ વખતે જે તકલીફો વેઠી હતી તેના દસમાં ભાગનીય મુસીબતો વચ્ચેય જીવી જતાં અને આજે સગવડો વચ્ચે ય આપઘાત કરનારાઓની ભરમાર લાગી છે! આશ્ચર્યની વાત છે. યુદ્ધના સમયે દિવસોના દિવસો સુધી અંધારપટ રહેતો. કટોકટીના સમયમાં અનાજની તંગી થતી ને દિવસો સુધી એકનું એક ધાન ખાઇને ચલાવી લેવું પડતું, થીંગડા પર થીંગડા મારીને એક બે - વસ્ત્રોમાં ગુજરાન થતું એ દિવસો બહુ જૂના નથી છતાંય લોકો હસતાં મુખે જીવતાં અને મુશ્કેલીઓનો સાથે મળી સામનો કરતાં. લાલબહાદુર શાસ્ત્રીની એક હાકલે આખા દેશના લોકોએ એક ટંક ભોજનનો ત્યાગ કર્યો હતો એવું મારા માતા-પિતા મને કહેતા ત્યારે સરકારે શું કરવું જોઇએ? કે સરકારની ઢીલી નીતિઓનાં બ્યુગલો કોઇએ ફુંક્યા ન હતા. માત્ર સહકારની ભાવના સેવીને કપરાં દિવસો પાર કર્યા, કારણ એટલું જ છે કે ત્રાસદી શું છે તેનો એ પ્રજાને ભલી ભાંતિ પરિચય હતો. આપણે તો છીછરામાં ડૂબવાની વાતો કરીએ છીએ. બે અણુબોમ્બને હૈયા પર ઝીલ્યા પછી જાપાનીઓની શિસ્ત અને સમજણ હજાર ઘણાં વધી ગયા. ત્યાં મરવાની વાતો થતી નતી. જીવવાની અને જીવાડવાની વાતો થાય છે. આપણને તો ધંધામાં દેવાળું ફૂંકાય ત્યાં યમદેવાની આહ્વાન શરૂ કરી દઇએ છીએ.

કરસનદાસ માણેક આપણા સિદ્ધ કવિ તો કહે છે કે,

"ચહું નવ મુક્તિ ઓ માલિક! મને તો તારી સંગે
ગમે છે જન્મ અને જીવન અને મૃત્યુ ગમે છે!
નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે
બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે.
છે ચારેકોર માનવ સરજી નકરી મુશ્કિલાતો
પરંતુ કૈંક છે જેથી એ સૌ સહેવું ગમે છે!"

- માણસમાં તીવ્ર જિજીવિષા હોવી જોઇએ તો કપરામાં કપરો સમય પણ તે પસાર કરી જાય છે. પણ આ જિજીવિષાની કસોટી અત્યંક કપરાં કાળમાં થઇ શકે છે. બીજા વિશ્વયુદ્ધનો સામનો કરી ચૂકેલાને પૂછો કે, અગવડ કોને કહેવાય? અને તેમાં કેમ જીવવું? હમણાં શ્રી માવજી કે. સાલવાએ 'આસ્થાની અંતરખોજ' નામે એક રોશનીશીનું પ્રકાશન કર્યું છે. જે 'એન્ટીની ડાયરી'નો સરળ ભાવાનુવાદ છે. તેમાં એન્ટીની ડાયરીમાં લખાયેલી વેદના અક્ષર દેહે પ્રગટી છે.

એનું નામ એન્ટી હતું. જ.તા. પંદર જાન્યુઆરી ઓગણીસો ચૌદ. મૃત્યુ તારીખ ત્રીસ નવેમ્બર ઓગણીસો તેંતાલીસ. તે માત્ર ૨૯ વર્ષ જીવી. તે જીવતી હતી ત્યાં સુધી તેની સાથે કારાવાસમાં બંધ લોકો સિવાય તેને કોઇ ઓળખતું ન હતું. તેનાં મૃત્યુ પછી છેક ચાળીસ વર્ષે આખી દુનિયાને ખબર પડી કે આવી કોઇ છોકરી છે. એન્ટીના શબ્દોએ તેને પાછી સજીવન કરી. આ શબ્દો હતા સંવેદનાના. આ શબ્દો હતા ભયના. બંધન, પીડા, દર્દ, નફરત, હતાશા, અત્યાચાર, અસહાયતા અને દોઝખ માટે જેટલાં શબ્દો મળે તે બધાં જ એન્ટી ખૂબ નજીકથી જીવી હતી.

એન્ટીનું સાચું નામ એસ્થર હતું. માતા પિતા અને બે ભાઇઓ સાથે એન્ટી હોલેન્ડના મીડલ બર્ગમાં રહેતી હતી. એન્ટીને ઘણુ-બધું ભણવું હતું. શાળાનું ભણતર પુરૂ કરી તેણે એમ્સટરડેમ યુનિવર્સિટીમાં વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો. સાયકોલોજી અને અન્ય ભાષાઓનો અભ્યાસ કર્યો. તેવામાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. હોલેન્ડમાં યહૂદીઓ પર અત્યાચાર શરૂ થયા. યહૂદીઓની હાલત જોઇ એન્ટી સમજી ગઇ કે હવે જેલમાં જવાના દિવસો આવશે, પરંતુ અન્ય મિત્રોની સાથે તે ભાગી નહિ. તેણે કહ્યું કે હું સંતાઇને ભાગીને જીવન પૂરૂં નહિ કરૂં. હું લડીશ મારા જીવન પ્રત્યે વફાદાર રહીશ. અન્ય બંદીવાન યહૂદીઓ સાથે જીવીશ અને મરીશ પણ ડરીશ નહીં.

છેવટે એન્ટી કારાવાસમાં ધકેલાઇ ગઇ. ૧૯૪૧ થી ૧૯૪૩ નો સમય કારાવાસમાં ગયો. આ દરમિયાન તેણે ડાયરી લખવાનું શરૂ કર્યું. ડાયરીનું શું થશે તેની તેને ખબર ન હતી. માત્ર જે વિચારો આવતાં તે ટપકાવતી. આ ડાયરી તેના મૃત્યુના ૪૦ વર્ષ પછી તેના એક મિત્ર મારફતે ફરતી ફરતી છેવટે ૧૯૮૧માં મૂળ ડચ ભાષામાં ડાયરી રૂપે. પ્રકાશિત થઇ. નાઝીઓના કારાવાસમાં જ એન્ટીનું મૃત્યુ થયું પણ કેવી રીતે? તેનો કોઇ ઉલ્લેખ નથી.

કોણ હતી આ એન્ટી? કોઇ સંત? કોઇ ફિલોસોફર? કે સાવ સીદી સાદી તમારા - મારા માંની એક છોકરી હતી? છતાં તે જીવનના અંત સુધી પોતાની રીતે જીવી અને જિંદગીની છેલ્લી ઘડી સુધી લડી. એન્ટીના ડાયરીના યાદ રાખવા લાયક અને મમળાવવા લાયક થોડાંક વાક્યો....

♥ જીવનમાં મારા માટે જે ભયાનક તોફાનો નિયત થયેલાં હશે, એનાથી હું પલાયન નહિ થાઉં, શક્ય એટલી સુંદર રીતે આપત્તિઓ સામે ઊભી રહીશ.

♥ જે અનિષ્ઠ અને દુર્જનતા આપણને બીજામાં દેખાય છે તે આપણાં પોતાનામાં પણ હોય છે. જયાં સુધી જાતનું પરિવર્તન ન કરીએ ત્યાં સુધી જગતમાં કશું જ બદલી શકતાં નથી.

♥ જગતના તમામ જખ્મોને રૂઝાવવા માટેનું ઔષધ બનવાની આપણી તત્પરતા હોવી જોઇએ.

♥ માત્ર મનથી ભાંગી પડીને ઘણા લોકો મૃત્યુ પામે છે.

♥ મારે મારા પોતાના જ રસ્તે જવાનું છે તે બાબતે મને બળ આપે છે.

♥ આવી રહેલાં નવા યુદ્ધની તૈયારીનો એકમાત્ર માર્ગ એ છે કે કરૂણા અને પ્રેમને આપણાં હૃદયમાં જીવંત રાખીએ.

♥ આપણો પ્રેમ આ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત થવો જોઇએ, એ વાત હું યાતનાઓમાંથી શીખી છું.

♥ મારી અંદર એવું કશુંક બળકટ અને અવિનાશી તત્ત્વ છે જે મને કહી રહ્યું છે કે આનાથી વિપરિત સંજોગોને પણ હું સહી શકીશ.

♥ હે પ્રભુ, લોકોને હું ખૂબ ખૂબ ચાહું છું, કારણ કે પ્રત્યેક મનુષ્યમાં રહેલા તારા અંશને હું પ્રેમ કરૂં છું.

♥ તમે દુઃખી છો કારણ કે જગત જેવું છે તેવું સ્વીકારીને માણવાને બદલે તમે દોડાદોડ કરો છો કોઇ નવું જગત સર્જવા માટે.

♥ સ્ત્રી હંમેશા કોઇ એક એવા પુરૂષને ઝંખે છે જેના પર પોતાનું બધું જ ડહાપણ, ઉષ્મા, પ્રેમ અને સર્જનાત્મક શક્તિઓ ન્યોચ્છાવર કરી શકે.

એન્ટીના આ વિચારો આપણાં સૌની હૃદયભાવના બને તે ફરિયાદોનો અંત આવી જાય. પણ શું એ શક્ય છે? કે એના માટે પણ ત્રીજા વિશ્વયુદ્ધની રાહ જોવી પડશે?

- તારી સ્વાતિ

# સુંદર સુગંધ ધરાવતાં લોબાનનું મધ્યમ કદનું વૃક્ષ થાય છે, તેનો ગુંદર બાવળના ગુંદર જેવો લાગે છે, લોબાનનો ધૂપમાં ઉપયોગ જગજાહેર છે

## ગુંદરના ઉપયોગો
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

(ભાગ-૨)

ગતાંકથી પહેલાનાં અંકે આપણે ગુંદર વિષેની પ્રાથમિક પરિચય અને અમુક ગુંદર (વૃક્ષોનાં ગુંદર) વિષે પણ પરિચય મેળવેલો. ગતાંકે ચોમાસાના મિજાજન અનુલક્ષીને તેના પરનો ખાસ લેખ લખવામાં આવતાં એ શ્રેણીને બ્રેક લાગી ગયેલ. તો, ગુંદરને ઓળખવાની એ શ્રેણીનો બીજો અને અંતિમ ભાગ અહિં વાંચો...



● હીરોબોળ

તે ગૂગળના ઝાડ જેવું જ છે, તેની ડાળીઓ પર કાપો મુકીએ તો પ્રવાહી બહાર આવે છે તેને 'બીબ' કહે છે આને જ હિરાબોળ પણ કહે છે. સંધીવાત-સાઇટીકા તેમજ સાંધાના દુઃખાવાઓમાં આનો લેપ કરવામાં આવે છે. વિવિધ વાત વ્યાધિઓમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત મુખ અને દાંતના રોગોમાં કોગળા કરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

● લોબાન

સુંદર સુગંધ ધરાવતાં લોબાનનું મધ્યમ કદનું વૃક્ષ થાય છે. તેનો ગુંદર બાવળના ગુંદર જેવો લાગે છે. લોબાનનો ધૂપમાં ઉપયોગ જગજાહેર છે. આ ઉપરાંત ચાંદા-ઘા-પડ્યા હોય તેમાં લેપન કરાય છે. કાનના દુઃખાવામાં લોબાનના તેલનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત સાંધાના દુઃખાવા- આમ વાત આદિ વાત વ્યાધિઓમાં લોબાનનો લેપ કરાય છે.



● ગંધ બિરોજા :

તેલીયા દેવદાર નામનાં ઊંચા વૃક્ષોની ડાળીઓમાં છેક કરવાથી જે નિર્યાસ નીકળે છે. તેને ગંધ બિરોજા કહે છે. ગંધ બિરોજામાંતી પરિશ્રવણ દ્વારા જે તેલ બને છે તે ટર્પેન્ટાઇન ઓઇલ તરીકે જગજાહેર છે. આ ઉપરાંત બિરોજાનું સત્વ પણ બને છે. ગુંદરનો ઉપયોગ વ્રહા પર લેપનાર્થે તેમજ શ્વેતપ્રદરની ચિકિત્સા સ્વરૂપે થાય છે.

● બાવળનો ગુંદર

સામાન્ય રીતે આપણી મીઠાઇઓ, પકવાનમાં બાવળનો ગુંદર વપરાય છે. આ ગુંદરમાં અરેબિક એસિડ, કેલ્શિયમ, મેગ્નેશિયમ આદિ તત્ત્વો હોય છે. તે વાત-પિત્ત શામક છે. તેમજ બળ આપનાર છે. નબળાઇ-દૌર્બલ્યતાનો નાશ કરે છે. સુવાવડી સ્ત્રીઓનાં પાકમાં (કાટલામાં) તે ખાસ નાંખવામાં આવે છે.

● સાલેડાનો ગુંદર

સંસ્કૃતમાં શલ્લકી નામે જાણીતા વૃક્ષ સાલેડાની છાલમાં ચીરો કરવાથી જે રસ જામે છે તે ગુંદરને સાલેડાનો ગુંદર કહે છે. તેને કુંદરૂ પણ કહે છે. આ સુંદર સંધિવાત - સાંધાના દુઃખાવા, આમવાત, તેમજ શરીરના અંગોમા જકડાઇ જવા પર ખૂબ અસરકારક છે. આ ઉપરાંત મધુમેહમાં ગુમડા થયા હોય ખૂબ અસરકારક છે. આ ઉપરાંત મુખરોગ, અતિસાર, તાવ, દુર્ગન્ધ નાશક છે. હાલ આધુનિક સંશોધનો એ સાબેલાના સુંદરને શ્રેષ્ટ વેદનાહર ઔષધ તરીકે માન્યતા આપી છે આથી અનેક ફાર્મશીઓ આ ગુંદરમાંથી વિવિધ દવાઓ બનાવે છે.

● મોચરસ

શેમળાના વૃક્ષની છાલ પર કીડાઓએ દંશ માર્યો હોય તેમાંથી જે ગુંદર બહાર આવે તેને મોચરસ કહે છે તે કફ અને પિત્તનાશક છે. રક્તસ્ત્રાવને અટકાવે છે. ઝાડા, મરડો, હરસ, રક્તપિત્ત તેમજ સ્ત્રીઓના પ્રદર રોગોમાં પણ ખુબ ઉપયોગી છે.

● વાંસ કપૂર

વાંસના વૃક્ષમાંથી જે નિર્યાસ મળે છે તેને વંશલોચન કહે છે. સ્ત્રી જાતિના વાંસમા એક ખાસ રસ એકઠો થાય છે. તે વાંસકપૂર છે. તે રક્તસ્તંભક, શ્વાસ-કફ-શરદી દૂર કરનાર, મૂત્ર પ્રવૃત્તિ વધારનાર તેમજ તાવને મટાડનાર છે.

શિલાજીત પર પથ્થરમાંથી ઝરતો ગુંદર જ છે. તેના વિષે અગાઉ વિસ્તૃત ચર્ચા થઇ ચુકી છે. ઉપરોક્ત મુખ્ય ગણી શકાય તેવા ગુંદરનો પરિચય આપણે ટુંકમાં મેળવ્યો. જરૂર પડ્યે ચિકિત્સકની સલાહને અનુસરીને ઉપયોગ કરવો હિતાવહ છે.

# પર્યાવરણની વૈશ્વિક સમસ્યાનો ભારતીય ઉકેલ

## ચર્ચા સભા

- હર્ષદ પ્ર. શાહ

પર્યાવરણ આજકાલ અત્ર-તત્ર-સર્વત્ર ચર્ચા અને ચિંતાનો વિષય બન્યો છે. પાઠ્યપુસ્તકોમાં પણ એ વિષય સ્થાન પામ્યો છે. એના ઉપર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદો યોજાય છે. એના ઉપર વિચાર વધુ થાય છે, આચરણ અત્યંત અલ્પ!

મનુષ્ય જેમ જેમ ભૌતિકતાને પંથે વળ્યો તેમ તેમ એ વધુ ને વધુ સ્વાર્થી - સ્વકેન્દ્રી બન્યો. શ્રેય અને પ્રેયનું ભાન એ ભૂલ્યો. વ્યક્તિગત સુખોપભોગની સામે સમગ્ર સૃષ્ટિનું અસંતુલન સર્જાય એમાં એને વાંધો નથી. સૃષ્ટિના હિતમાં એનું હિત સમાયેલું છે એ વાત મનુષ્ય ભૂલ્યો. જે મૂળભૂત તત્ત્વો-ઘટકો થકી એનું અસ્તિત્વ ટકી રહ્યું છે એ જ તત્ત્વોનો અક્ષમ્ય બગાડ એ કરી રહ્યો છે. સંત તુલસીદાસજીએ કહ્યું છે -

**ક્ષિતિ - જલ - પાવક - ગગન - સમીરા**
**પંચતત્ત્વ યહ બના શરીરા**

ક્ષિતિ એટલે ધરતી... માટી. ધરતીમાતાના અગણિત ઉપકારો એને યાદ કરાવવા ઋષિઓએ ગાયુ -

**સમુદ્રવસને દેવી પર્વતસ્તવ નમંડલે**
**વિષ્ણુપત્ની નમસ્તુભ્યં પાદસ્પર્શ ક્ષમસ્વ મે ।**

જે ધરતી મનુષ્યને ધન-ધાન્ય-ફૂલ આપે છે એ જ ધરતીમાતાને પ્રદૂષિત કરતાં એ અચકાતો નથી. મનુષ્યનું પ્રત્યેક કર્મ ધરતીને પીડે છે. પ્રતિ વર્ષ કરોડો વૃક્ષોના છેદનને કારણે રણવિસ્તારનો વધતો જતો ફેલાવો અટકાવીશું નહીં તો ૨૦૨૫ ના વર્ષમાં એશિયા પ્રશાંત વિસ્તારોમાં મોટા ભાગની વસ્તી ભયંકર ભૂખમરાની ગર્તામાં ધકેલાઇ જશે. દક્ષિણ યુરોપના કેટલાક ભાગો સૂકા રણમાં ફેરવાઇ જશે. ૬૦,૦૦૦ વર્ષ પહેલાં સહરાનું રણ હરિયાળો પ્રદેશ હતો. કચ્છનો રણપ્રદેશ પણ ભૂતકાળમાં લીલાછમ્મ જંગલોથી ઊભરાતો હતો. ૨૧મી સદીમાં ધોમધખતા તાપ અને દુષ્કાળને કારણે દક્ષિણ આફ્રિકાની અનાજ ઉગાડવાની ક્ષમતા ઘટી જશે. કરોડો લોકો ભૂખમરાના ભોગ બનશે. લગભગ ૫૦૦૦ જેટલાં મોતા રાસાયણિક કારખાના વિશ્વભરમાં ઝેરી પ્રદૂષણ ફેલાવી રહ્યાં છે. જળ બની રહ્યું છે ઝેર. નદીઓ અને સાગરો રસાયણોથી ઊભરાઇ રહ્યાં છે.

પૃથ્વીના વાતાવરણમાં ક્રમશઃ થઇ રહેલો ઓઝોન પડળનો નાશ, કાર્બન ડાયોકસાઇટ વાયુનું સતત વધતું જતું પ્રમાણ, પૃથ્વીના તાપમાનમાં અસહ્ય વધારો, હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ, જંગલો અને વન્ય પ્રાણીઓનો નાશ, જમીનનું ધોવાણ અને રણપ્રદેશનો વધતો જતો વિસ્તાર, ચેપી રોગોનો ફેલાવો, પાણીની તીવ્ર ખેંચ, કુદરતી સ્ત્રોનો વિષમ ઉપયોગ જેવા અસંખ્ય પરિબળોને કારણે ૨૧મી સદીમાં પૃથ્વીની હાલત નરકથી યે બદતર બની જશે. ૨૦૨૫ પછી પૃથ્વી કબ્રસ્તાન બની જાય તો નવાઇ નહીં. વધતા જતાં પ્રદૂષણ અને પર્યાવરણની ખોરવાતી જતી સમતુલાને કારણે આપણે આપણી નંદનવન સમી દિવ્ય વસુંધરાનું અસ્તિત્વ ક્રમશઃ જોખમાતું જઇ રહ્યું છે.

પર્યાવરણની આ વૈશ્વિક સમસ્યા છે, જેનો ઉકેલ ભારત પાસે છે. ભારતીય જીવન - દર્શન કેવળ મનુષ્યોના હિત - સુખનો વિચાર કરતું નથી, પણ સચરાચર જગત - સમગ્ર જડચેતન સૃષ્ટિના સુખમય અસ્તિત્વનો વિચાર કરે છે. ભારતીય જીવનશૈલી સહ-અસ્તિત્વના મધુર સિદ્ધાંત પર રચાયેલી છે. તો ચાલે, આ સમસ્યાના ઉકેલ માટે ભારતીય જીવન-દર્શનમાં ડોકીયું કરીએ...

**● પ્રકૃતિ માટે પ્રેમ**

જેને આપણે પ્રેમ કરીએ છીએ તેને નુકશાન નથી પહોંચાડતા. માટે મનુષ્ય માત્રને પ્રકૃતિ સાથે જોડવો જોઇએ, પ્રકૃતિને પ્રેમ કરતાં શીખવવું જોઇએ.

કવિઓ માટે તો પ્રકૃતિ કવિતાનો વિષય છે. ઘણાએ ઘણું લખ્યું છે. આવી થોડી પદ્ય-ગદ્ય પંક્તિઓ માણવાથી પણ પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વિકસે છે.

રાજેશ વ્યાસ કહે છે કે -

**ચલ બધું ભુલીને સાગર માણીએ**
**આંખની સામે છે ઇશ્વર માણીએ**

ગુણવંત શાહ કહે છે -

**પક્ષીઓ પ્રાર્થના નથી કરતાં**
**એમનું મૌન એ જ એમની પ્રાર્થના!**
**પક્ષીઓ કીર્તન નથી કરતાં**
**એમનો કલરવ એ જ એમનું કીર્તન!**
**પરોઢિયે કલરવ ઝીલવાનું કામ**
**માત્ર કાન પર છોડવા જેવું નથી**
**આપણા સમગ્ર અસ્તિત્વને એકઠું કરીને**
**કલરવને રોમરોમથી પામવાનો છે.**

સુરેશ દલાલ કહે છે...

**મેં વહેતા ઝરણાને જોયું**
**ત્યારે મને ખબર પડી**
**કે પહાડ પણ પીગળી શકે છે**

**રક્ષા દવે વળી કુદરતની કમાલની વાત કરે છે...**

**કણ ઓરૂં ને મણને પામું, કોણ અઢળક ઉગાડે?**
**એ તો સાહેબ ખરો કમાલી! મારો સાહેબ ખરો કમાલી!**

દેખીરી રીતે એમ લાગે કે આવી કવિતાઓથી તે વળી પ્રકૃતિપ્રેમ જાગતો હશે? પણ, પ્રકૃતિપ્રેમમાં બીજ વાવવાનું કાર્ય તો એનાથી જરૂર થાય છે.

પ્રકૃતિપ્રેમ જગાડવા આદર્શો પણ સ્થાપવા જોઇએ. કવિઓ, ચિંતકો એ પર્યાવરણ પ્રેમીઓએ શ્રદ્ધાપૂર્વક પ્રકૃતિ પ્રેમમાં બીજ રોપવા જોઇએ અને પુરૂષાર્થીઓએ એની ઉપર આદર્શ વ્યવહાર દ્વારા ખાતર-પાણી કરવાં જોઇએ. તો જ એનું પરિણામ મળે.

મકરંદ દવેની એક સુંદર પંક્તિનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી...

**વેર્યાં મેં બીજ અહીં છૂટ્ટે હાથે**
**તે હવે વાદળ જાણે ને વસુંધરા.**

**● પ્રકૃતિનું દોહન કરો, શોષણ નહીં**

પ્રકૃતિ પાસે અખૂટ સંસાધનો છે. એ જેટલું આપે છે એની ક્ષતિપૂર્તિ કરવાની ક્ષમતા એની પાસે છે, પણ ચોક્કસ માત્રામા. એની ક્ષતિપૂર્તિ કરવાની ક્ષમતા કરતાં વધુ ખૂંચવી લેવાથી તો નિર્માણચક્ર ખંડિત થઇ જશે. પૃથ્વીના પેટાળમાં જળભંડાર તો છે, પણ માણસે જળનો અમર્યાદ... બિનજરૂરી ઉપયોગ કરવા માંડ્યો. ઉપયોગ તો શું એને વ્યય- અપવ્યય એવી સંજ્ઞા જ આપવી પડે. માણસના વ્યયચક્ર સામે કુદરતનું જલચક્ર પણ વામણું ભાસી રહ્યું છે. ભોગવાદ વકરી રહ્યો છે વિશ્વની ૪% ટકા વસ્તી ધરાવતું ભોગવાદી અમેરિકા વિશ્વમાં ૪૦% સંસાધનો ખર્ચી નાખે છે. ભારતે આવા ભોગવાદી દેશોનાં આક્રમણ અને અંધાનુકરણથી બચવું જોઇએ. ભારતની જવાબદારી દિશાબોધ કરવાની છે, દિક્ ભ્રમિત થવું એને પોસાય નહીં.

(અનુસંધાન પાના નં. ૬ પર)